

મલુંડા

લુઇ જ્હોન્સન
ચિત્ર: એડવર્ડ ડુરોઝ





મલુંડા

લુઈ જ્હોન્સન

ચિત્ર: એડવર્ડ ડુરોઝ



જાડી વાદળી-ભૂખરી ચામડી એના શરીરને ઢાંકી દેતી હતી.

નાકની ઉપર લાંબુ, અણિયાળું અને પાછળ વળેલું એક શિંગડું હતું. બરાબર એની પાછળ બીજું એક નાનું શિંગડું હતું. એક સિંહણ એને જોઈ રહી હતી.

એ સિંહણ તરફ થોડા ડગલાં આગળ આવ્યો. સિંહણ રસ્તામાંથી ત્વરાથી હટી ગઈ.

એ સફેદ ગેંડો હતો.



આ સફેદ ગેંડો આયુમાં હજી નાનો હતો. પણ એ પાંચ ફીટ ઊંચો થઈ ગયો હતો. વયસ્ક થતાં-થતાં એની ઊંચાઈ છ ફીટથી વધારે થઈ જશે અને એ ચૌદ ફીટ લાંબો થઈ જશે. અને એનું વજન લગભગ 4000 પાઉન્ડ થઈ જશે. એનું આગળનું શિંગડું લગભગ 2 ફીટ લાંબુ થઈ જશે. યુવાન ગેંડો ઘાસ ખાઈ રહ્યો હતો. સફેદ ગેંડાનું એક નાનું ઝુંડ એની પાસે જ હતું. ઝુંડમાં વધારે માદાઓ હતી અને થોડા નાના વાછડાં હતા. એક દિવસ એ આ બધાનો નાયક બનશે.





ઝુંડની ઉપર એક હેલિકોપ્ટર ઉડયું.

એનો બહુ મોટો અવાજ આવતો હતો. યુવાન ગેંડો એની ઉપર હુમલો કરવા તૈયાર થઇ ગયો.

પણ એને કોઇ શત્રુ દેખાયો નહીં. સફેદ ગેંડા સાધારણ રીતે ઉગ્ર નથી હોતા. એટલે એ શાંત થઇ ગયો અને ઘાસ ચરવા લાગ્યો.

અચાનક એના ખભા પર કોઇ વસ્તુ ખૂંચી ગઇ.

યુવાન ગેંડાએ માથું ઉપર કરીને એની બંને બાજુ જોયું. એને ખબર ન પડી કે કઇ વસ્તુ એને વાગી હતી. એ ભાગવા લાગ્યો.

બીજા સફેદ ગેંડા પણ અલગ અલગ
દિશામાં ભાગી રહ્યા હતા.
એ બધા પર બેહોશ કરવાના તીર મારવામાં આવ્યા હતા.
તીર થોડી વારમાં એ બધાને બેહોશ કરી દેશે.
ઘોડા પર સવાર લોકો એનો પીછો કરી રહ્યા હતા.
થોડી વારમાં ગેંડાની ભાગવાની ઝડપ ઓછી થઇ ગઇ.
બધા ગેંડા બેહોશ થઈને જમીન પર ઢળી પડયા.
ઘોડેસ્વારોએ ટ્રકમાં રાહ જોઇ રહેલા લોકોને રેડીઓ
દ્વારા સૂચિત કર્યા. જયારે ટ્રક પહોંચી તો એ લોકોએ
દરેક ગેંડાની ગરદન પર એક મજબૂત રસ્સી લપેટી
દીધી.




પછી એ લોકોએ ગેંડાને હોશમાં લાવવાના ઇન્જેકશન આપ્યા.

જેવા ગેંડાને હોશ આવ્યા, એ લોકોએ રસ્સીથી ખેંચીને એને મોટા-મોટા પાંજરામાં લઈ ગયા. યુવાન ગેંડા પાસે લોકો સૌથી છેલ્લે આવ્યા. અન્ય ગેંડાની તૂલનામાં એ સૌથી દૂર ભાગ્યો હતો - એ લગભગ એક માઈલ વધારે ભાગ્યો હતો.

જયારે માણસો એને પાંજરા તરફ લઈ જવા લાગ્યા તો એણે વિરોધ કર્યો.

લોકો સમજી ગયા કે એને પાંજરામાં લઈ જવો સરળ નહીં થાય.

અને એવું જ થયું.





આ સંઘર્ષમાં યુવાન ગેંડાનું લાંબુ શિંગડું તૂટી ગયું.

ફક્ત નાનું શિંગડું બચ્યું.

પણ આખરે એ એને પાંજરામાં લઇ જવામાં સફળ થયા.

એક વ્યક્તિને લાગ્યું કે આ ગેંડાનું એક નામ હોવું જોઇએ.

એ એને મલુંડા બોલાવવા લાગ્યો. થોડી વારમાં બધા એને એ નામથી બોલાવવા લાગ્યા.

મલુંડા એક આફ્રિકી નામ છે.

એનો અર્થ છે "મોટી કલગીવાળો".

સફેદ ગેંડા આફ્રિકામાં
રહે છે. આ પ્રજાતિ
લુપ્તપ્રાય થવાની અણી પર છે.

એનો અર્થ છે કે આ પ્રજાતિના ગેંડાની
સંખ્યા બહુ ઓછી છે.

એ લોકો સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી
રહ્યા હતા કે આ ગેંડાને વિલુપ્ત થવાથી
કેવી રીતે બચાવી શકાય.

એ ચાહતા હતા કે આ ગેંડાને પર્યાપ્ત
ખાવાનું અને પાણી મળે.

પણ એનાથી વધારે મહત્વપૂર્ણ એને
શિકારીઓથી બચાવવાનું હતું.

એટલે મલુંડા અને અન્ય ગેંડાને એ એના
નવા ઘરે લઈ જઈ રહ્યા હતા.




પાંજરું એટલું ઊંચું હતું કે મલુંડા એની અંદર ઉભો થઈ શકતો હતો.

પણ એટલી લાગ્યા ન હતી કે એ ફરી શકે. એની સામે એક બાલદી હતી જેમાં પીવાનું પાણી રાખવામાં આવ્યું હતું.

સૂકા ઘાસનો એક ઢગલો પણ હતો.

મલુંડા ઘાસ ખાવા લાગ્યો.





થોડા સમયમાં બધા પાંજરાને ટ્રકમાં
ચઢાવવામાં આવ્યા.

આખી રાતની સવારી કરીને એને
સમુદ્ર કાંઠે લાવવામાં આવ્યા.

સમુદ્ર તટ પર એક જહાજ એની રાહ જોઈ
રહ્યું હતું.

જહાજ ગેંડાને બહુ દૂર ઇંગ્લેન્ડ લઈ જવાનું
હતું.



એક મશીનથી મલુંડાના પાંજરાને ઉપર ઉઠાવવામાં આવ્યું.

પાંજરું ઝૂલતું-ઝૂલતું જહાજની ઉપર આવી ગયું. પછી એને નીચે જહાજ ઉપર ઉતારવામાં આવ્યું. પણ મલુંડા અજબ વ્યવહાર કરવા લાગ્યો.

એવું લાગી રહ્યું હતું કે એ ઘાયલ થયો છે.

જેવું જહાજ ચાલવા લાગ્યું, મલુંડા એક બાજુ પડી ગયો.



મલુંડાના પાંજરા પાસે ઘણા લોકો ઉભા હતા.
એ જોઈ રહ્યા હતા કે મલુંડા સ્વસ્થ નથી.

લોકો એના તૂટેલા શીંગડા વિષે વાત કરવા લાગ્યા.

એ લોકોએ મલુંડાને પાણી અને ખાવાનું આપ્યું હતું.

એના નજીક આવવા પર મલુંડાને કોઈ વાંધો ન હતો.

એમાંનો એક માણસ પશુવૈદ હતો.

એની પાસે લાંબા દાંડાવાળો બ્રશ હતો.

ડોકટરે એની સહાયતાથી મલુંડાના નાક પાસે
એ જગ્યાએ દવા લગાવી જ્યાં મોટું શિંગડું હતું.



ડોકટરે રોજ મલુંડાના નાક પાસે દવા લગાવી.
ડોક્ટર ચિંતિત હતા.

દવાની કોઈ અસર થતી ન હતી.

મલુંડાએ ઘણા દિવસોથી કંઈ ખાધું ન હતું.

એના શરીરનું તાપમાન પણ વધેલું હતું.

મલુંડાને તાવ આવ્યો હતો.

"મારે ઇન્જેકશન લગાવીને એને દવા આપવી પડશે," ડોકટરે કહ્યું.

ડોક્ટર મલુંડાના પાંજરાની ઉપર ચઢી ગયો.

ત્યાંથી એણે મલુંડાના શરીરમાં એક લાંબી સોઈ ઘોંચી અને દવા એના શરીરમાં નાખી.

મલુંડા જરાય હલ્યો નહીં.



"જખમ બહુ જ ખરાબ થઈ ગયું છે,"
ડોકટરે કહ્યું. "આપણે દિવસ-રાત એની દેખરેખ
રાખવી પડશે."


ડોકટર અને બીજા લોકો વારાફરતી મલુંડા પર
નજર રાખવા લાગ્યા.

એ એની ઉપર ઠંડુ પાણી છાંટતા.

એ એને થપથપાવતા અને એની સાથે વાતો કરતા.

જહાજ ઇંગ્લેન્ડ તરફ સમુદ્રમાં આગળ વધતું રહ્યું.





ઘણા દિવસો વીતી ગયા.

એક દિવસ સવારે મલુંડા ઘાસ ખાવા લાગ્યો.

એનું ધ્યાન રાખવાવાળા માણસોએ બૂમ પાડી.



"એ ખાઈ રહ્યો છે! મલુંડા ઘાસ ખાઈ રહ્યો છે!"

ડોક્ટર દોડીને આવ્યા.

એણે મલુંડાની પીઠ થપથપાવી. મલુંડા સારો થઈ ગયો હતો.





જહાજના બધા લોકો ખુશ હતા.

એ બધા મલુંડાને ચાહવા લાગ્યા હતા.

પોતાના નવરાશના સમયમાં એને મલુંડાના પાંજરા પાસે બેસવું સારું લાગતું હતું.

યાત્રાના બાકીના દિવસોમાં મલુંડાએ સારી રીતે ખાધું.

ઘાસ સિવાય એને બીજી વસ્તુઓ પણ ખાવા માટે આપવામાં આવી.


મલુંડાને અંગ્રેજી મફિન્સ સૌથી વધારે ભાવતા હતા!

જયારે જહાજ ઇંગ્લેન્ડ પહોંચ્યું, ત્યાં સુધીમાં મલુંડા સાવ સ્વસ્થ થઈ ગયો હતો.

બીજા સફેદ ગેંડા સાથે મલુંડાને

ટ્રક પર ચઢાવવામાં આવ્યો. એને એક પ્રાણીસંગ્રહાલયમાં લઈ જવામાં આવ્યો.

ત્યાં પાંજરાને ઉતારવામાં આવ્યા.



મલુંડાને સૌથી પહેલા પાંજરામાંથી બહાર કાઢવામાં આવ્યો.

એણે પગના અંગુઠા જમીનમાં ખોસ્યા અને થોડા ડગલાં ચાલ્યો.

સૂર્ય ચમકી રહ્યો હતો.

મલુંડાએ એની આંખો પટપટાવી.


એ ધીરેથી પાછળ ફર્યો.

બીજા ગેંડાને પણ પાંજરામાંથી બહાર કાઢવામાં આવ્યા.

બધા ગેંડા ખાવાનું શોધવા લાગ્યા.

સફેદ ગેંડા ઘાસ અને લીલી વનસ્પતિ ખાય છે.

ત્યાં ઘાસ અને લીલી વનસ્પતિ બધે હતી. તળાવ હતા અને નાની નદીઓ પણ ત્યાં હતી.



મલુંડા એક તળાવ પાસે ગયો. એણે એનું માથું ઝુકાવ્યું.

પણ એણે પાણી પીધું નહીં.

એણે એવો વ્યવહાર કર્યો જાણે એ પાણીમાં એનું પ્રતિબિંબ જોઇ રહ્યો હોય.

એણે એનું માથું હલાવ્યું અને ફરી પાણીમાં જોયું.

એનું મોટું શિંગડું ખોઇ દેવાને કારણે એને શરમ આવી રહી હતી.





એ દિવસથી મલુંડા વિચિત્ર વ્યવહાર કરવા લાગ્યો.

લાંબા શીંગડા વગર પણ એ એક સુંદર સફેદ ગેંડો હતો.

પણ એ બીજા ગેંડાથી દૂર રહેવા લાગ્યો અને એનો સમય એકલો જ વિતાવતો હતો.

એ હંમેશા ગુસ્સામાં રહેતો હતો.

આવી રીતે બે વર્ષ વીતી ગયા.
પ્રાણીસંગ્રહાલયના કર્મચારીઓ એને માટે ચિંતિત હતા.

ગેંડાના ઝુંડમાં એક નર જ સરદાર હોય છે.
જો મલુંડા એવો જ વ્યવહાર કરતો રહ્યો તો ગેંડાના બચ્ચાનો જન્મ શક્ય ન હતો.



ત્યાં એક દિવસ મલુંડા એક તળાવ પાસે ઉભો હતો.

એ પાણીમાં એનું પ્રતિબિંબ જોઇ શકતો હતો.

જે લોકો એની દેખભાળ કરતા હતા એ જોઈ શકતા હતા કે એ પાણીમાં પોતાને જોઈ રહ્યો છે.


એને વિશ્વાસ હતો કે એ એના નવા લાંબા શીંગડાને જોઈ રહ્યો હતો.

એનું શિંગડું ફરી મોટું થઇ ગયું હતું. એ પહેલા હતું એટલું મોટું ન હતું, પણ એ અણિયાળું હતું.

અને સુંદર હતું!

ગેંડાના શીંગડા વાળના કઠણ ગુચ્છાના બનેલા હોય છે.

એટલે સમય જતા ફરી મોટા થઈ જાય છે.



મલુંડા ચાલીને પાણીની અંદર ગયો.

એ નાકમાંથી જોર-જોરથી હવા કાઢીને અવાજ કરવા લાગ્યો.

એ તળાવમાં ડગલાં ભરીને આમતેમ ફરવા લાગ્યો.

એણે એનું માથું ઉપર ઉઠાવ્યું.


એવું લાગ્યું કે એનું નવું શિંગડું બધાને બતાવી રહ્યો હતો!

એ આગળ-પાછળ ઉછળકૂદ કરવા લાગ્યો. એણે મોટો અવાજ કર્યો, જાણે એ બધાને પાસે આવવા માટે કહી રહ્યો હોય.

અને બધા દોડીને આવ્યા!

એ દિવસથી મલુંડા શાંત થઇ ગયો.

હવે એ ઝુંડ સાથે રહેવા લાગ્યો.



થોડા સમયમાં એ ખબર પડી ગઇ કે મલુંડા સફેદ ગેંડાનો એક સારો સરદાર બનશે.

આ વાર્તાનું અનુસંધાન

પાંચ કરોડ વર્ષોથી ગેંડાનું ધરતી પર અસ્તિત્વ છે. એટલા લાંબા સમય પછી પણ એનામાં વધારે પરિવર્તન આવ્યું નથી.

પણ એની સંખ્યા બહુ ઘટી ગઈ છે.

સફેદ ગેંડા આફ્રિકામાં રહે છે. થોડા સમય પહેલા એ લગભગ વિલુપ્ત થઈ ગયા હતા. પણ થોડા લોકો ચાહતા હતા કે એની પ્રજાતિ લુપ્ત ન થઈ જાય. એ લોકો ગેંડાને પકડીને એવી જગ્યાએ લઈ આવ્યા જ્યાં એનું સંરક્ષણ કરી શકાતું હતું. હવે એની સંખ્યા વધી રહી છે.

મલુંડાની વાર્તા એક સાચી વાર્તા છે. 1970 માં 20 સફેદ ગેંડાને પકડીને ઇંગ્લેન્ડના પ્રાણીસંગ્રહાલયમાં લાવવામાં આવ્યા હતા. નર ગેંડાનું નામ મલુંડા જ હતું. મલુંડાનું લાંબુ શિંગડું હકીકતમાં તૂટી ગયું હતું. એનો જહાજ પર જ ઉપચાર કરવામાં આવ્યો હતો અને ઇંગ્લેન્ડ પહોંચવા સુધીમાં એને સારું થઈ ગયું હતું. પણ એનો વ્યવહાર વિચિત્ર હતો. એણે પોતાને એ દિવસે તળાવના પાણીમાં જોયો હતો. પણ કોઈ જાણતુ નથી કે શું એ સાચે પાણીમાં એનું પ્રતિબિંબ જોઈ રહ્યો હતો કે નહીં.

